અનુસૂચિત જાતિના ઈસમોને ઝડપથી, સમય મર્યાદામાં અને સરળતાથી જાતિ પ્રમાણપત્રો આપવા બાબત..

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ક્રમાંક: અજપ/૧૦૨૦૧૦/૩૬૩૪૪૬/હ,
સચિવાલય, ગાંધીનગર.
તા: 10/01/2014

વંચાણમાં લીધા:

૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:અજપ/૧૦૨૦૧૦/૩૬૩૪૪૬/હ, તા:૦૨/૦૮/૨૦૧૦.

૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો પત્ર ક્રમાંક:અજાક/મ/૫/૨૦૧૩/૮૧૬૦-૮૧૬૧, તા:૦૩/૧૨/૨૦૧૩.

## પ્રસ્તાવના :

આમુખમાં જણાવેલ ક્રમાંક (૧) ના ઠરાવના ના ફકરા નં ૧, ૭, ૧૦ અને ૧૧ માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના પરિણામ પછી વિદ્યાર્થીઓને સામુહિક રીતે શાળામાંથી જ જાતિ પ્રમાણપત્ર મળે તેની કાર્યપદ્ધતિઓ દર્શાવેલ હતી. જેમાં વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે ધોરણ-૯ અને ધોરણ-૧૦ ની પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ મેળવવા માટે, અનુ.જાતિના વિદ્યાર્થીઓને ધોરણ-૯ ના સત્રની શરૂઆતમાં જ શાળાઓમાંથી દરખાસ્તો મેળવી જાતિ પ્રમાણપત્રો આપવા અંગેની દરખાસ્ત કરી હતી.

## સુધારા ઠરાવ :

નિયામકશ્રી(અજાક) ની ઉકત દરખાસ્ત અંગે પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના ઈસમોને ઝડપથી, સમય મર્યાદામાં અને સરળતાથી જાતિ પ્રમાણપત્રો આપવા અંગેના વંચાણે લીધેલ ક્રમાંક: ૧ ના આ વિભાગના તા:૦૨/૦૮/૨૦૧૦ ના ઠરાવના ફકરા નં: ૧, ૭, ૧૦ અને ૧૧ માં નીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

ફકરા નં: ૧ ધોરણ-૯ માં પ્રવેશ મેળવતાં તમામ વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર મળી રહે તે માટે સંબંધિત શાળાઓના આચાર્યોએ પોતાની શાળામાં પ્રવેશ મેળવતા ધોરણ-૯ ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શોધીને તેવા વિદ્યાર્થીઓના પિતા/વાલીઓ પાસેથી જરૂરી આધાર પુરાવાઓ મેળવી વિદ્યાર્થીઓના જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે નિયત નમુનામાં અરજીઓ મેળવી દરખાસ્ત તૈયાર કરવાની રહેશે.

ફકરા નં: ૭ આ રીતે તૈયાર થયેલ દરખાસ્તો આચાર્યોએ જુલાઈ માસની ૩૦ મી તારીખ સુધીમાં અથવા નિયત સમય પહેલાં, શાળા વિકાસ સંકુલના વડાને પહોંચતી કરવાની રહેશે. શાળા વિકાસ સંકુલના વડાએ તમામ દરખાસ્તો મેળવી ઓગસ્ટ માસની ૧૫મી તારીખ સુધીમાં અથવા નિયત સમય પહેલાં, જિલ્લા મથકની શાળાઓ માટે સંબંધિત જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) ને આપવાની રહેશે તેમજ તાલુકા મથકે આવેલી શાળાઓ માટે સંબંધિત મામલતદાર કચેરીમાં અને ગ્રામ્ય વિસ્તાર માટે સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીને આપવાની રહેશે અને તે મુજબ આ અધિકારીશ્રીઓએ જાતિના પ્રમાણપત્રો તૈયાર કરી યાદી પ્રમાણે જે-તે શાળા વિકાસ સંકુલના વડાને મોકલી આપવાના રહેશે.

ફકરા નં:૧૦ ઉપર્યુકત પ્રક્રિયાથી સામુહિક રીતે તૈયાર કરાયેલા જાતિ પ્રમાણપત્રો જે-તે શાળા વિકાસ સંકુલના વડાએ સંબંધિત શાળાના આચાર્યોને મોકલી આપવાના રહેશે. જે-તે શાળાના આચાર્યોએ ધોરણ-૯ ના પ્રથમ શૈક્ષણિક સત્ર પૂર્ણ થતાં પહેલાં જ સંબંધિત વિદ્યાર્થી અથવા પિતા/વાલીઓ પાસેથી પહોંચ મેળવીને જ અનુ.જાતિના પ્રમાણપત્રો સંબંધિત વિદ્યાર્થી અથવા પિતા/વાલીઓને આપવાના રહેશે.

ફકરા નં:૧૧ જે વિદ્યાર્થીઓએ ધોરણ- ૯ માં અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ પછી પુન: જાતિ પ્રમાણપત્ર મેળવવાની આવશ્યકતા રહેશે નહીં.

આ વિભાગના વંચાણમાં લીધેલ ક્રમાંક-૧ માં ઉલ્લેખિત તા: ૦૨/૦૮/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: અજપ/૧૦૨૦૧૦/૩૬૩૪૪૬/હ માં દર્શાવેલ અન્ય બાબતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જમાલુદ્દીન એ. સૈયદ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
- નામદાર રાજ્યપાલશ્રીનાં સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીનાં સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી ( સા.ન્યાય અને અધિ.)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી( સા.શૈ.પ.વ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વહીવટી વિભાગો,
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના તમામ ખાતાના વડાઓ/બોર્ડ/નિગમો.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મે.માસ્ટેક લી, પુના.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ,
- સર્વે જિલ્લા શિક્ષણાધીકારીશ્રીઓ,
- ગ્રામ મદદનીશ કલેકટરશ્રી/ નાયબ કલેકટરશ્રી,
- સર્વે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ,
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ ( પંચાયત),
- તમામ મામલતદારશ્રીઓ,
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ,
- સિલેક્ટ ફાઈલ